સંક્ષિપ્ત સમાચાર

બોડેલીમાં પર્યાવરણ પ્રેમી સંસ્થા દ્વારા ખત્રી વિદ્યાલય ખાતે વૃક્ષારોપણ

બોડેલી : બોડેલી પર્યાવરણ પ્રેમી સંસ્થા દ્વારા આજે બોડેલી સ્થિત ખત્રી વિદ્યાલય ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન વિવિધ જાતિના આશરે 20 વૃક્ષો ટ્રિ-ગાર્ડ સાથે વાવવામાં આવ્યા હતા. આ પ્રસંગે સામાજિક કાર્યકર વિજયભાઈ રાઠોડ, પ્રવિણભાઈ ગઢવી, ફાલ્ગુન પાઠક, કશ્યપભાઈ, અક્ષયભાઈ, રાકેશભાઈ અને મહેશભાઈ સહિતના પર્યાવરણપ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા. સંસ્થાએ સમગ્ર બોડેલી વિસ્તારમાં 5,000 વૃક્ષો વાવવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો. ખત્રી વિદ્યાલયના આચાર્યશ્રીએ વાવવામાં આવેલા વૃક્ષોની નિયમિત માવજત અને ઉછેર માટે વિવિધ શિક્ષકોને વૃક્ષો દત્તક સોંપી જવાબદારી આપી હતી. અંતે શાળા પરિવાર દ્વારા બોડેલી પર્યાવરણ પ્રેમી સંસ્થાના તમામ સભ્યોને આ ઉમદા અને પર્યાવરણલક્ષી કાર્ય બદલ શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

ક્વાંટ ભાજપની રક્તદાન શિબિરમાં પપ યુનિટ રક્ત એકત્ર

ક્વાટ : ક્વાંટ તાલુકા ભારતીય જનતા પાર્ટી દ્વારા" રક્તદાન કરો જીવન બચાવો "ના નારા સાથે રક્તદાન શિબિર નો આયોજન કરવામાં આવ્યું જેમાં 55 યુનિટ રક્તદાન કરવામાં આવ્યું રક્તદાન શિબિર ની શરૂઆત દીપ પ્રાગટ્ય રાજ્યસભાના સાંસદ ડો. મુકેશભાઈ રાઠવા ના હસ્તે થી કરવામાં આવ્યું. આજરોજ ક્વાંટ તાલુકા ભારતીય જનતા પાર્ટી ના કાર્યકર્તાઓ દ્વારા રક્તદાન શિબિરનું આયોજન ક્વાંટ સરકારી હોસ્પિટલની બાજુમાં આવેલો કોમ્યુનિટી હોલમાં કરવામાં આવ્યું જેમાં ભાજપના આગેવાનો ગ્રામજનો સરપંચો તેમજ હોદ્દેદારો દ્વારા રક્તદાન કરીને ઈન્દુ બ્લડ બેન્ક ના સહયોગથી રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું આ કાર્યક્રમમાં ક્વાંટ તાલુકા ભારતીય જનતા પાર્ટી પ્રમુખ સંજયભાઈ રાઠવા માજી કારોબારી અધ્યક્ષ પીન્ટુભાઇ રાઠવા યુવા મોરચાના અન્ય હોદ્દેદારો એસટી મોરચા, એસટી મોરચા, બક્ષીપંચ મોરચા તમામ કાર્યકર્તાઓ વધુમાં વધુ રક્તદાન થાય તે માટેના પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા હતા.

અષાઢી બીજે પાદરામાં ભગવાન જગન્નાથજીની ભવ્ય રથયાત્રા યોજાશે

પાદરા: અષાઢી બીજના પાવન અવસરે પાદરા નગરમાં ભગવાન જગન્નાથજી, ભાતા બલરામજી અને બહેન સુભદ્રાજીની ભવ્ય રથયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. શ્રી રામટેકરી મંદિર સત્ય સનાતન સમસ્ત હિન્દુ પરિવાર, મહંત દશરથદાસ મહારાજ તથા નગરજનોના સંયુક્ત ઉપક્રમે દર વર્ષની પરંપરા મુજબ આ વર્ષે પણ ભવ્ય રથયાત્રા યોજાનાર છે. તા. ૧૬ જુલાઈના રોજ બપોરે ૨ વાગ્યે શ્રી રામટેકરી રામજી મંદિર ખાતેથી ભગવાન જગન્નાથજીની રથયાત્રા નગરચર્યાએ પ્રસ્થાન કરશે. રથયાત્રાને લઈને આયોજકો દ્વારા તડામાર તૈયારીઓ પૂર્ણ કરવામાં આવી છે. સમગ્ર નગરમાં ભક્તિમય માહોલ વચ્ચે ભગવાનના દર્શનનો લાભ લેવા મોટી સંખ્યામાં ભાવિકો ઉમટી પડશે તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. રથયાત્રામાં આકર્ષક બેન્ડવાજા, ભજન મંડળીઓ, ડીજે, વિવિધ ધાર્મિક ઝાંખીઓ તેમજ ભગવાન જગન્નાથજી પર પુષ્પવર્ષાનું આયોજન કરવામાં આવ્યું છે. ઉપરાંત ભાવિકો માટે મગ, જાંબુ, શિરો અને કેળાના પ્રસાદની વ્યવસ્થા પણ કરવામાં આવી છે.

રણુ ખાતે અષાઢી ગુપ્ત નવરાત્રિ મહોત્સવનો ૧૫ જુલાઈથી પ્રારંભ , ઘટસ્થાપનથી થશે શરૂઆત

પાદરા : પાદરા તાલુકાના રણુ ગામે આવેલ શ્રી માં તુલજાભવાની માતાજીના મંદિરે અષાઢી ગુપ્ત નવરાત્રિ મહોત્સવ નિમિત્તે 15 જુલાઈથી 23 જુલાઈ સુધી વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. મંદિરના મહંત કવિન્દ્રગીરીજીએ આ અંગેની માહિતી આપતા જણાવ્યું હતું કે, નવ દિવસ દરમિયાન માતાજીની વિશેષ પૂજા-અર્ચના, આરાધના અને શક્તિ ઉપાસના સાથે ધાર્મિક કાર્યક્રમો યોજાશે. સનાતન પરંપરા અનુસાર શક્તિની ઉપાસના માટે વર્ષ દરમિયાન ચાર નવરાત્રિનું વિશેષ મહત્વ રહેલું છે. તેમાં ચૈત્રી અને આસો મહિનાની નવરાત્રિ ઉપરાંત માઘ અને અષાઢ મહિનામાં આવતી ગુપ્ત નવરાત્રિ પણ સાધકો માટે અત્યંત શુભ અને સિદ્ધિદાયી માનવામાં આવે છે. ગુપ્ત નવરાત્રિ દરમિયાન દેવીના ગુપ્ત સ્વરૂપની આરાધના અને શક્તિ સાધના કરવાથી વિશેષ પુણ્યફળ પ્રાપ્ત થતું હોવાનું ધાર્મિક માન્યતા છે.

વાઘોડિયા તાલુકા વિકાસ અધિકારીની બદલી થતાં વિદાય સમારોહ

વાઘોડિયા : વાઘોડિયા તાલુકા વિકાસ અધિકારી દીપેશભાઈ પટેલ ની વાઘોડિયા થી દોઢ વર્ષની સેવા કાર્ય બાદ રાજકોટના જસદણ ખાતે બદલી થતા વાઘોડિયા તાલુકા પંચાયતના ચૂંટાયેલા ભાજપના સભ્યો કર્મચારી અને સ્ટાફે વિદાય સમારોહ યોજી સાલ અને પુષ્પ ગુછ અર્પણ કર્યું હતું. નિવૃત્તિના બાકી રહેલા વર્ષોમાં બઢતી (પ્રમોશન)મળે તેવી શુભકામના સાથે શુભેચ્છા પાઠવી હતી. આ પ્રસંગે વાઘોડિયા તાલુકા પંચાયત પ્રમુખ જયાબેન વસાવા ઉપપ્રમુખ કારોબારી ન્યાય સમિતિ ચેરમેન અને તમામ તાલુકા સદસ્ય હાજર રહ્યા હતા. વાઘોડિયા તાલુકા પંચાયત કચેરી માં કામ કરતા કર્મચારીઓ સહિત વાઘોડિયા બાર એસોસિયન માંથી વકીલ અર્જુનસિંહ પરમાર સરપંચ તેમજ તલાટીગણ હાજર રહ્યા હતા.

---

૧૭ મતદારો કરશે મતદાન; ઉપપ્રમુખનું પદ લાંબા સમયથી ખાલી

કરજણ APMCમાં ચૂંટણીનો જંગ, ભાજપમાં રાજકીય ગરમાવો

જિલ્લા પેનલ બાદ પ્રદેશમાંથી મેન્ડેટ જાહેર થશે, બળવાની પણ ચર્ચા

(પ્રતિનિધિ) કરજણ, તા.14

કરજણ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ (APMC)ના પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણી આગામી 20 જુલાઈના રોજ સવારે 11:30 કલાકે યોજાશે. જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા ચૂંટણીનો એજન્ડા તમામ બોર્ડ ઓફ ડિરેક્ટરોને મોકલાતા કરજણના સહકારી અને રાજકીય વર્તુળોમાં ભારે ચહલપહલ જોવા મળી રહી છે.

નોંધનીય છે કે બજાર સમિતિના પ્રમુખ અને ઉપપ્રમુખની મુદત ઘણા સમય પહેલાં પૂર્ણ થઈ ગઈ હતી. જોકે કેટલાક ટેક્નિકલ કારણોસર ચૂંટણી યોજવામાં વિલંબ થયો હતો. હવે ચૂંટણીની સત્તાવાર જાહેરાત થતાં રાજકીય સમીકરણો ફરી એકવાર ચર્ચાના કેન્દ્રમાં આવ્યા છે.

હાલમાં જિલ્લા ભાજપ મહામંત્રી જયદીપસિંહ ચૌહાણ બજાર સમિતિના પ્રમુખ તરીકે કાર્યરત છે. જ્યારે ઉપપ્રમુખ તરીકે રજનીકાંતભાઈ પટેલ હતા, પરંતુ તેમના અકાળ અવસાન બાદ ઉપપ્રમુખનું પદ ખાલી રહ્યું છે. હવે બંને હોદ્દા માટે ચૂંટણી યોજાશે.

મતદાનની વાત કરીએ તો બજાર સમિતિમાં કુલ 16 ચૂંટાયેલા ડિરેક્ટરો અને 2 સરકારી પ્રતિનિધિઓ મતદાનનો

અધિકાર છે. જોકે એક ડિરેક્ટરના અવસાનને કારણે હાલમાં 15 ડિરેક્ટરો અને 2 સરકારી પ્રતિનિધિઓ મતદાન કરશે.

ચૂંટણીને લઈને રાજકીય વર્તુળોમાં અનેક અટકળો ચાલી રહી છે. ચર્ચા મુજબ ભાજપમાં હાલમાં બે અલગ-અલગ જૂથો સક્રિય હોવાનું માનવામાં આવે છે. એક તરફ હાલના પ્રમુખ જયદીપસિંહ ચૌહાણને ધારાસભ્ય અક્ષય પટેલના સમર્થક તરીકે જોવામાં આવે છે, જ્યારે બીજી તરફ ભાજપના પૂર્વ ધારાસભ્ય અને બજાર સમિતિના પૂર્વ પ્રમુખ સતીશ પટેલ પણ પોતાના સમર્થિત ઉમેદવારને મેદાનમાં ઉતારવા સક્રિય હોવાનું ચર્ચાઈ રહ્યું છે. રાજકીય વર્તુળોમાં એવી પણ ચર્ચા છે કે સતીશ પટેલ પોતાના પુત્ર ધ્રુવલ પટેલના નામને પ્રમુખ પદ માટે આગળ ધપાવવાના પ્રયાસો કરી રહ્યા છે.

જોકે ઉમેદવારી અંગે હજુ સુધી કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી. ભાજપ દ્વારા નિરીક્ષકોની નિમણૂક કરી જિલ્લા સ્તરે પેનલ તૈયાર કરીને પ્રદેશ નેતૃત્વને મોકલવામાં આવશે અને ત્યારબાદ પ્રદેશમાંથી મંજૂર ઉમેદવારને પક્ષનું મેન્ડેટ આપવામાં આવશે તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

હવે સૌની નજર એક જ મુદ્દા પર છે કે ભાજપના મેન્ડેટને તમામ સભ્યો સ્વીકારશે કે પછી કોઈ અસંતોષના કારણે બળવો થશે? કરજણના સહકારી રાજકારણ માટે આ ચૂંટણી અત્યંત મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે અને તેના પરિણામ પર સૌની નજર મંડાયેલી છે.

ઘરે એકલી રહેલી મહિલા સાથે છેડતીનો આક્ષેપ, માતા આવી જતાં ભાંડો ફૂટ્યો

પાદરા : શાનપુરમાં 56 વર્ષીય વ્યક્તિ સામે BNS હેઠળ ગુનો નોંધાયો, પોલીસ તપાસમાં જોતરાઈ. પાદરા તાલુકાના શાનપુર ગામના રોહિતવાસ નવી નગરી વિસ્તારમાં ઘરે એકલી રહેલી મહિલા સાથે છેડતી કરાયાનો બનાવ સામે આવ્યો છે. ઘટનાને લઈને વડુ પોલીસ મથકે ગુનો નોંધવામાં આવ્યો છે. પોલીસ ફરિયાદ મુજબ ગતરોજ બપોરે સાડા બાર વાગ્યાના અરસામાં ભોગ બનનાર મહિલા પોતાના ઘરે એકલી હતી. તે દરમિયાન ગામના જ વિનુભાઈ છિતાભાઈ રોહિત (ઉ.વ. 56) ઘરે આવ્યા હતા. આરોપીએ મહિલાને "તું રોજ ખાલી જોવા મળતી હતી" તેમ કહી તેનો હાથ પકડી બાથમાં ભરી લીધી હતી અને શરીરના સંવેદનશીલ ભાગે અડપલાં કર્યા હોવાનો ફરિયાદમાં આક્ષેપ કરવામાં આવ્યો છે.

DEOની મુલાકાત બાદ શાળાની કામગીરી શરૂ કરવામાં આવી

કવાંટના સરહદી ફળિયામાં ૭૫ વર્ષ બાદ પ્રાથમિક શાળાનું સ્વપ્ન થશે સાકાર

કાચા મકાનમાં ભણતા બાળકોને મળશે નવી શાળા

(પ્રતિનિધિ) કવાટ, તા.14

ભારત દેશના આઝાદીના 75 વર્ષથી વધુ સમય થઈ ગયો પરંતુ ગુજરાત રાજ્યના સરહદી તાલુકો કવાંટ જેના સરહદી ગામોમાં પ્રાથમિક શાળાનો અભાવ છે જેની રજૂઆત કરતા તાત્કાલિક ધોરણે શાળા બનાવવા માટેની કામગીરી હાથ ધરવામાં આવી.

આજ રોજ છોટાઉદેપુર જિલ્લાના કવાંટ તાલુકાના આંબાડુંગર અને હાફેશ્વર ગામ જેના અમુક ફળ્યા નર્મદા

કિનારે વસેલા છે મધ્ય પ્રદેશ મહારાષ્ટ્ર અને ગુજરાત આમ ત્રણ રાજ્યોની સરહદ નો સંગમ સ્થાન છે નર્મદા નદી નો ગુજરાત રાજ્યમાં પ્રવેશ દ્વાર અહીં છે સરહદી ગામોના ફળિયાઓમાં પ્રાથમિક શાળાઓનો અભાવ છે. આંબાડુંગર પંચાયતનું માનુકલા તેમજ હાફેશ્વર ગામના આમલાપાણી ફળિયામાં આઝાદીના 75 વર્ષ બાદ પણ પ્રાથમિક શાળાનો અભાવ છે. ત્યારે આ બાબતની સ્થાનિક રહીશોની વારંવાર રજૂઆત કરવામાં આવેલ છે એ બાબતને ધ્યાનમાં લઈને છોટાઉદેપુર જિલ્લા શિક્ષણ સમિતિ ચેરમેન આશિષભાઈ ભીલ જિલ્લા શિક્ષણ અધિકારી જે કે પરમાર સ્થળની મુલાકાત લીધી તેમાં પ્રાથમિક શાળા ન હોવાથી કાચા મકાનમાં અભ્યાસ કરવો પડતો હતો તેથી સ્થળ પર તાત્કાલિક ધોરણે શાળાના ઓરડા બનાવવા માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. જયાં સુધી શાળાનું મકાન બને ત્યાં સુધી અન્ય પાકા મકાનમાં અભ્યાસ માટે વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવેલ છે.

ગીર ગાય આધારિત પ્રાકૃતિક ખેતીથી ગુણવત્તાસભર પાક અને મબલખ નફો

પ્રાકૃતિક ખેતીથી સફળતાની નવી મિસાલ બન્યા બોડેલીના યોગેન્દ્રસિંહ વરનામીયા

પ્લાસ્ટિક બોટલમાંથી બનાવેલા 'ફેરોમોન ટ્રેપ'થી જીવાત નિયંત્રણમાં સફળતા

(પ્રતિનિધિ) બોડેલી, તા.14

પ્રાકૃતિક ખેતી થકી સમૃદ્ધિની નવી દિશા કંડારતા બોડેલીના પ્રગતિશીલ ખેડૂત યોગેન્દ્રસિંહ વરનામીયા "ગીર ગાય આધારિત પ્રાકૃતિક ખેતી કરી ધરતીના જતન સાથે આરોગ્યપ્રદ ખેત પેદાશોનું ઉત્પાદન કરતા પ્રગતિશીલ ખેડૂત" ગીર ગાયના ગોબર અને ગૌમૂત્રના ઉપયોગથી મેળવ્યો મબલખ નફો ગુણવત્તાસભર ઘઉંના પાક

માટે તૈયાર થતા પહેલાં જ ગ્રાહકોનું એડવાન્સ બુકિંગ પાકને નુકસાન કરતી ફળમાખીઓના નિયંત્રણ માટે જાતે નકામી પ્લાસ્ટિક બોટલોમાંથી બનાવી 'ફેરોમોન ટ્રેપ' વર્તમાન સમયમાં જ્યારે આધુનિક ખેતીમાં રાસાયણિક ખાતરો અને ઝેરી કીટનાશકોના અંધાધૂંધ ઉપયોગથી જમીનની ફળદ્રુપતા ઘટી રહી છે, ત્યારે છોટાઉદેપુર જિલ્લાના બોડેલી તાલુકાના જબુગામના પ્રગતિશીલ ખેડૂત શ્રી યોગેન્દ્રસિંહ વરનામીયાએ એક પ્રેરણાદાયી ઉદાહરણ પૂરું પાડ્યું છે. તેઓ પરંપરા અને વિજ્ઞાનનો અદભુત સમન્વય સાધીને પ્રાકૃતિક ખેતી દ્વારા અન્ય ખેડૂતોને એક નવી રાહ ચીંધવાનું કાર્ય કરી રહ્યા છે.

વર્ષ ૨૦૧૩થી સંપૂર્ણપણે પ્રાકૃતિક ખેતી તરફ વળેલા યોગેન્દ્રસિંહ જણાવે છે કે, તેઓ પોતાના ૬ એકર જેટલા ખેતરમાં ઘઉં, ડાંગર, મગ, અડદ અને કેળ જેવા પાકોનું સફળતાપૂર્વક ઉત્પાદન લઈ રહ્યા છે. ચાલુ વર્ષે તેમણે પોતાના ખેતરમાં એક એકરમાં ટીંડોળા (ગીલોડા), એક એકરમાં અડદ તેમજ અડધા એકરમાં મગ અને કેળનો પાક લીધો છે.

કેનાલ પાસે જુગારધામ પર એલસીબીની કાર્યવાહી

દરોડો દરમ્યાન 33 હજારનો મુદ્દામાલ જપ્ત, બે પકડાયા, એક ફરાર

(પ્રતિનિધિ) પાદરા, તા. 14

વડોદરા ગ્રામ્ય એલસીબીએ પાદરા તાલુકાના માસારોડથી સાપલા જવાના માર્ગ પર આવેલા નર્મદા કેનાલના નાળા નજીક વરલી મટકાના જુગાર પર દરોડો પાડી બે શખ્સોને ઝડપી પાડ્યા હતા, જ્યારે એક આરોપી સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો. પોલીસે રોકડ સહિત કુલ 33,820નો મુદ્દામાલ કબજે કરી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ, એલસીબી સ્ટાફ ના મુકેશભાઈ ડાંગર તથા હરેશભાઈ વાંકને મળેલી ચોક્કસ બાતમીના આધારે ગત સાંજે માસારોડ-સાપલા રોડ પર નર્મદા કેનાલના નાળા પાસે દરોડો પાડ્યો હતો.

દરમિયાન ત્યાં વરલી મટકાના આંકડા લખી હારજીતનો જુગાર રમાતો હોવાનું સામે આવતા પોલીસે સ્થળ પરથી જેસંગભાઈ માનસંગભાઈ પઢીયાર (રહે. ઉચ્છદ, તા. જંબુસર, જી. ભરૂચ) અને સતીશભાઈ ગોવિંદભાઈ પાટણવાડિયા (રહે. સાપલા, તા. પાદરા)ને ઝડપી પાડ્યા હતા.

જ્યારે આ ગુનામાં સંડોવાયેલ રમણભાઈ રણછોડભાઈ સોલંકી (રહે. વહેલમ, તા. જંબુસર, જી. ભરૂચ) દરોડા દરમિયાન આરોપીઓ પાસેથી 12,820ની રોકડ રકમ, વરલી મટકાના આંકડા લખેલી ચાર કાપલીઓ, એક મોબાઈલ ફોન તથા એક મોટરસાઈકલ સહિત કુલ 33,820નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

ગામેગામ સઘન સર્વે, પ્રાથમિક સારવાર અને જનજાગૃતિ અભિયાન તેજ

ચાંદીપુરમ વાયરસને લઈ કરજણ આરોગ્ય વિભાગ એલર્ટ મોડમાં

(પ્રતિનિધિ) કરજણ, તા.14

મધ્ય ગુજરાતમાં ચાંદીપુરમ વાયરસના વધતા સંભવિત જોખમને ધ્યાનમાં રાખીને કરજણ બ્લોક હેલ્થ સેન્ટર દ્વારા સમગ્ર તાલુકામાં સઘન આરોગ્ય સર્વેલન્સ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. તાલુકા હેઠળના તમામ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો (PHC)ના તબીબો, આરોગ્ય કર્મચારીઓ, આશા વર્કરો અને અન્ય સ્ટાફ ગામેગામ પહોંચી ઘરે-ઘરે આરોગ્ય સર્વે કરી રહ્યા છે.

આ અભિયાન દરમિયાન ખાસ કરીને બાળકો તેમજ તાવ સહિતના શંકાસ્પદ લક્ષણો ધરાવતા વ્યક્તિઓની તપાસ કરવામાં આવી રહી છે. જ્યાં જરૂર

જણાય ત્યાં સ્થળ પર જ પ્રાથમિક સારવાર આપવામાં આવી રહી છે, જ્યારે વધુ સારવારની જરૂરિયાત ધરાવતા દર્દીઓને ઉચ્ચ કક્ષાની આરોગ્ય સંસ્થામાં રિફર કરવાની વ્યવસ્થા પણ કરવામાં આવી રહી છે.

આરોગ્ય વિભાગની ટીમો ગ્રામજનોને ચાંદીપુરમ વાયરસ અંગે જરૂરી માર્ગદર્શન આપી રહી છે. મચ્છરોથી બચવા, ઘરની આસપાસ સ્વચ્છતા જાળવવા, બાળકોમાં તાવ કે અન્ય અસામાન્ય લક્ષણો જણાય તો તાત્કાલિક નજીકના આરોગ્ય કેન્દ્રનો સંપર્ક કરવા તેમજ અફવાઓથી દૂર રહી આરોગ્ય વિભાગની સત્તાવાર સૂચનાઓનું પાલન કરવા અપીલ કરવામાં આવી રહી છે.

કરજણ તાલુકા માટે રાહતના સમાચાર એ છે કે આરોગ્ય વિભાગ દ્વારા અત્યાર સુધી કરવામાં આવેલા વ્યાપક સર્વે દરમિયાન ચાંદીપુરમ વાયરસનો એકપણ કેસ નોંધાયો નથી. તેમ છતાં આરોગ્ય વિભાગ સંપૂર્ણ સતર્કતા સાથે કામગીરી કરી રહ્યો છે અને આગામી દિવસોમાં પણ સર્વેલન્સ તથા જનજાગૃતિ અભિયાન યથાવત્ રાખવામાં આવશે.

શિનોરમાં LCBનો જુગાર પર દરોડો, ૭ ઝડપાયા

શિનોર : વડોદરા જિલ્લા ગ્રામ્ય LCB ના હેડ કોન્સ્ટેબલ પ્રવિણસિંહ રણવીર સિંહે નોંધાવેલ ફરિયાદ મુજબ તારીખ 12 જુલાઈ 2026 ના સાંજના 6:45 થી 8:15 દરમિયાન તેઓ શિનોર વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા, ત્યારે મળેલ બાતમી મુજબ કુકસ થી દામાપુરા જતા રોડ ઉપર આવેલા ભૂખી નદીના નાળા પાસે આવેલ ગૌચરની ખુલ્લી જગ્યામાં પત્તા પાનાનો જુગાર ખુલ્લેઆમ રમાય છે. બાતમીના આધારે સ્થળ પર પહોંચી ને રેડ કરતા સાત જુગારીયાઓ રંગે હાથ ઝડપાઈ ગયા હતા. તેઓની અંગજડતી માંથી કુલ 94,000 કબજે કરવામાં આવ્યા હતા અને દાવ ઉપરના રૂપિયા 30,500 મુદ્દામાલ તરીકે કબજે કરી કુલ રૂપિયા 1,24,500 નો જુગાર ધારાનો ગુનો દાખલ કરેલ છે.

બુટલેગર અને પોલીસના સબંધો સામે સવાલ...?

જરોદમાં દારૂના બુટલેગર સામે આખરે ૯ દિવસે ગુનો નોંધાયો

ગૃહવિભાગમાં રજૂઆત કરતા આવેદનપત્રની અસર..?

(પ્રતિનિધિ) વાઘોડિયા, તા.14

જરોદના કરમસીયા ગામે વિડિઓ ઉતારવાની શંકા એ બુટલેગર અને ગ્રામજનો વચ્ચેની મારામારીનો વિડિઓ વાયરલ થયા બાદ પોલીસ દ્વારા આખરે નવમા દિવસે બુટલેગર અને તેના સાગરીતો મળી કુલ ત્રણ સામે FRI નોધી છે જરોદના આઠ ગામોમાં વિદેશી દારૂ બંધ કરવાની માંગ સાથે ગઈ કાલે વાઘોડિયા મામલતદારને આવેદનપત્ર સિંહાપુરા ગ્રામજનો એ આપ્યું હતુ. સાથેજ ગુજરાત રાજ્ય સરકાર ના

ગૃહ વિભાગ ન્યાયિક તપાસ કરે તે માટે આવેદન પત્ર વાઘોડીયા મામલતદારને આપવામાં આવ્યું છે. બુટલેગર દ્વારા મારમરાતા અને વિદેશી દારૂનો ધંધો બંધ કરવા સંઘર્ષ કરતા આ લોકોને સારિરિક અને માનસિક હેરાનગતિ વેઠવી પડી છે. ઘટનામાં સંડોવાયેલ કોઈ પોલીસ કર્મચારી નિકળેતો તેના પર ખાતાકીય પગલા ભરવાની માંગ આવેદન પત્ર માં કરાઈ છે. નવ દિવસ પછી જરોદ પોલીસે પોતાની ભુલ સુધારવા અથવા તો ડીપાર્ટમેન્ટ નું દબાણ વધતા બુટલેગર વિરુદ્ધ સાંજે ફરિયાદ નોધાઇ છે. દરમ્યાન ફરિયાદી જયેશભાઈ શાંતિલાલભાઈ ભાલીયા રહે. સિંહાપુરા, તા.વાઘોડિયા, જી.વડોદરા નવીનગરી પાસે આવેલ ખેતરમાં જવા માટે કેનાલ પાસેથી નિકળેલ તે વખતે ખેડા કરમશિયા ગામના કમલેશભાઈ ઉર્ફે સલીમ નટવરભાઈ ભાલિયા તથા બીપીનભાઈ ભાલિયા તથા સહદેવ ઉર્ફે ગડી તથા રાહુલભાઈ રણછોડભાઈ ભાલિયા કેનાલ પર બેઠાં હતા.

છોટાઉદેપુર ક્વાંટ નાકા પરથી બે ગુનામાં ફરાર આરોપી LCBના હાથે ઝડપાયો

બોડેલી : છોટાઉદેપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતાં તે દરમ્યાન એલ.સી.બી પો.ઇન્સશ્રી નાઓએ ટેલીફોનથી સમજ કરેલ કે, ગુનાના કામે નાસતો ફરતો આરોપી છોટાઉદેપુર ક્વાંટ નાકા પર ઉભેલ છે, અને તેણે બદનમાં કથાઇ કલરની અડધી બાઇનુ ટી-શર્ટ તથા કમરે ભુરા કલરનું જીન્સ પેન્ટ પહેરેલ છે. તેવી હકીકત મળેલ જે બાતમી હકિકત આધારે છોટાઉદેપુર ક્વાંટ નાકા પાસે રોડ ઉપર જતા માણસ મળી આવતા તેને કોર્ડન કરી પકડી લીધેલ અને પકડાયેલ ઈસમને નામ પુછતા તેણે પોતાનું નામ ઇબ્રાહીમભાઇ ગુલામભાઇ ઉર્ફે ગુલશીગભાઇ ચૌહાણ રહે.વખતગઢ તા.સોઢવા જી.અલીરાજપુર (મધ્યપ્રદેશ) તેની અંગઝડતી તપાસ કરતા તેની પાસે કોઇ ચીજ વસ્તુ મળી આવેલ નહી.

ઓરસંગ-મેરિયા બ્રિજ ભારધારી વાહનો માટે વહેલી તકે શરૂ કરવાની લોકમાંગ

ચોમાસામાં બ્રિજ બંધ રહેતાં વેપાર-પરિવહન પર માઠી અસર

(પ્રતિનિધિ) બોડેલી, તા. 14

ગંભીરા બ્રિજ દુર્ઘટના બાદ સમગ્ર ગુજરાતમાં સલામતીના ભાગરૂપે નબળા બ્રિજ પર ભારધારી વાહનોની અવરજવર બંધ કરવામાં આવી હતી. ત્યારબાદ વિવિધ બ્રિજોની તકનિકી તપાસ કરી જરૂરી સમારકામની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જોકે બોડેલીના ઓરસંગ અને મેરિયા બ્રિજ પર રિપેરિંગ કામગીરી શરૂ થયા બાદ પણ ચોમાસાની ઋતુ શરૂ થઈ ગઈ હોવા છતાં બંને બ્રિજ હજુ સુધી ભારધારી વાહનો માટે શરૂ કરવામાં આવ્યા નથી. બંને બ્રિજ બંધ રહેવાના કારણે ભારે વાહનોને લાંબા ડાયવર્ઝનનો ઉપયોગ કરવો પડી રહ્યો છે.

પરિણામે પરિવહન ખર્ચમાં વધારો થવા ઉપરાંત વેપાર-ધંધા પર પણ અસર પડી રહી છે. છોટાઉદેપુર જિલ્લાનું મહત્વનું વેપારી કેન્દ્ર ગણાતા બોડેલીના વેપારીઓ, ઉદ્યોગકારો તેમજ વાહનચાલકોને આ પરિસ્થિતિથી આર્થિક નુકસાન સહન કરવું પડી રહ્યું હોવાનું સ્થાનિકોમાં ચર્ચાઈ રહ્યું છે.

નામ બદલેલ છે.

હુ હરિજન સુરેશભાઈ જીણાભાઇ હતું હવે પછીથી મારુ નવું નામ સુરેશભાઈ જીણાભાઈ સોલંકી છે. સરનામું : બી./135, અનુપમ નગર, રેલ્વે કોલોની પાછળ, પ્રતાપ નગર, વડોદરા, જી. વડોદરા. (મો.) 9727556659